# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૪/૦૨/૨૦૨૫ શુક્રવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૪૮૯ લીટર દેશી દારૂ, ૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૧ બિયર ટીન, ૧ રિક્ષા, ૨ સ્કુટર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૭૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૩૪/૨૦૨૫**

**રાણીપઃ** પ્રવિણદાસ રૂપદાસજી વૈષ્ણવ (રહે. મેઘનાથ સોસાયટી રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૨/૨૦૨૫ રાતના ૧૦/૦૦ થી તા.૧૩/૦૨/૨૦૨૫ સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.જે.જાદવ ચલાવે છે.

**નારોલઃ** સુનીલ સ/ઓ જગદીશકુમાર ગૃપ્તા (રહે. કૃષ્ણધામ રો-હાઉસ પાર્થેશ્વર મહાદેવ મંદિરની બાજુમાં ગેબનશાહ દરગાહ રોડ નારોલ) એ તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૨/૨૦૨૫ સાંજના ૫/૩૦ થી તા.૧૨/૦૨/૨૦૨૫ સવારના ૬/૪૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એ.વ્યાસ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૫/૨૦૨૫**

**અમરાઈવાડીઃ** અમરાઈવાડી પોસ્ટ ઓફિસ સામે અગ્રવાલ કંપાઉન્ડ પાસે રજીયા બીબીની ચાલી ખાતે ચતુરભાઈ વિરાભાઇ પરમારની સગીર વયની પુત્રીએ અગમ્ય કારણસર તા.૧૨/૦૨/૨૦૨૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.ડી.રોહિત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી